# નડીઆદ વિસ્તાર વિકાસ સત્તામંડળ

## (નગર સેવા સદન : નડીઆદ)

Area Development Authority NADIAD

નગર રચના યોજના નં. 3 (પ્ર.કે.) નડીઆદ (પ્ર.કે.)
બાંધકામ ચાલુ કરવા માટેનું પરવાનગી પત્ર
(કમેન્સમેન્ટ સર્ટીફીકેટ)

શ્રીમાન,

નંબર T.P.S. No. 3/02
R.I.No.

જયમહારાજ બિલ્ડકોનના
વ. ક. ભાગીદાર
શ્રી હીતેશભાઈ કનુભાઈ પટેલ
C/O. સ્થપતિ શ્રી કૃતાર્થ કે. તલાટી

ફકત ~~રહેણાંક~~ વાણીજ્ય } હેતુ માટે

(Proposed layout and Building Plan for Commercial purpose)
Proposed Basement, first, Second, Third, fourth, fifth, Sixth floor only.

પ્લો.કે.ક.નં. 6 તા. 24/12/22 થી મંજુર

(વ.વિ.નં. 3, સી.સ.નં. 3332)

આપની તા. 05-12-22 ની નગર રચના યોજના નં. 3 (પ્ર.કે.) ના અપેક્ષીત/ફાઇનલ પ્લોટ નં. 234/2, 234/3 પૈકી ના બ્લોક નં. — માં બાંધકામ ચાલુ કરવા માટે મંજુરી મેળવવા બાબતની અરજી બાબતે નીચે જણાવેલી શરતો મુજબ નગરપાલિકા તરફથી બાંધકામની મંજુરી આપવામાં આવે છે. આ બાંધકામાની પરવાનગી (કમેન્સમેન્ટ સર્ટીફીકેટ) અત્રેની કચેરીએથી જે તારીખે આપવામાં આવી છે. ત્યારથી એક વર્ષ સુધી માન્ય (Valid) રહેશે. મુદત વીતે તે નવેસરથી મેળવવી ફરજીયાત છે.

૧. સદર પ્લોટના બાંધકામની મંજુરી ગુજરાત ટાઉન પ્લાનીંગ એક્ટ સને ૧૯૭૬ અને નડીઆદ નગરપાલિકા નગર રચના યોજના નં. 3 (પ્ર.કે.) ના નિયમો અને પેટા નિયમોને આધિન રહી આપવામાં આવે છે.
૨. બાંધકામ ચાલુ કરતાં પહેલા મકાનનો લે આઉટ પ્લાન અને પાયાના ખોદકામ માટે ખરેખર જમીન ઉપર કરવામાં આવેલ ડીમાર્કેશન અથવા તો લાઇન આઉટની નીચે સહી કરનાર પાસે અથવા તે અધિકૃત અમલદાર પાસે ચકાસણી કરાવવી ફરજીયાત છે.
૩. બાંધકામનું પ્લીન્થ લેવલ, મઝમી ફલોર, દાદરનું લેન્ડીંગ અને સ્લેબ લેવલ ચેક કરાવવું ફરજીયાત છે.
૪. બાંધકામનું પ્લીન્થ લેવલ, સુપર સ્ટ્રકચરનું બાંધકામ કરતાં પહેલાં ચેક કરાવવું ફરજીયાત છે.
૫. આર.સી.સી. ડીઝાઇન અને સ્ટ્રકચરલ લોડ સીસ્ટમ બાબતે અરજદારે મંજુરી માટે રજુ કરેલ બિલ્ડિંગ પ્લાન ઉપર સહી કરનાર અરજદારના અધિકૃત ઇજનેર જવાબદાર છે. નગરપાલિકાની તે અંગે કોઇ જવાબદારી નથી.
૬. નગર રચના યોજના નં. 3 (પ્ર.કે.) વિરુદ્ધનું અને મંજુર કરેલ અધિકૃત નકશા તથા ક.સર્ટી. વિરુદ્ધનું બાંધકામ કરવામાં આવશે તેમજ કંપલીશન સર્ટી. મેળવ્યા વગર ભોગવટો કરવામાં આવશે કે બીજા કોઇને બાંધકામ માટે પાણી આપવામાં આવશે તો અગાઉથી કારણ દર્શક નોટીસ આપ્યા સિવાય નગરપાલિકા અરજદારનું વોટર - ડ્રેનેજ કનેકશન તાકીદે કાપી નાખશે.
૭. બે ટેનામેન્ટ યુનિટ વચ્ચે કંપાઉન્ડ વોલ કે વાયર ફેન્સીંગ નહી કરવાની શરતે આ પરવાનગી આપવામાં આવે છે.
૮. ટેનામેન્ટ યુનીટનાં બાંધકામ માટે લે આઉટમાં દર્શાવ્યા મુજબ આ પરવાનગી દાદર ''ઓપન ટુ સ્કાય'' રાખવાની શરતે આપવામાં આવે છે.
૯. ઓટા ''ઓપન ટુ સ્કાય'' રાખવાની શરતે આ પરવાનગી આપવામાં આવે છે.
૧૦. આ અંતિમ ખંડના માલિકે અથવા તો કબજેદારે સદર અંતિમ ખંડમાં ફુટપાથ સહિતના આંતરિક પાકા રસ્તાનું સ્ટ્રીટ લાઇટનું, પાણીની લાઇન, સુવેઝ લાઇન, તથા વરસાદના પાણીના નીકાલની લાઇન અને વૃક્ષ ઉછેરનું કામ આ કમેન્સમેન્ટ સર્ટીફીકેટ મળેથી બે વર્ષના સમય સુધીમાં પોતાને ખર્ચે પુરૂ કરવાનું છે. જે સ્થળે મ્યુની. ડ્રે. લાઇનની સેવા ઉપલબ્ધ ન હોય તો અરજદારે પ્રત્યેક ટેનામેન્ટ બ્લોક માટે ઓછામાં ઓછાં ૫૦૦૦ લીટર કેપેસીટીની સેપ્ટીક ટેન્ક કે સેસપુલ બનાવાના રહેશે.

૧૧. નગરપાલિકાના જાહેર રસ્તા ઉપરના લેવલ પ્રમાણે પ્લોટના આંતરીક રસ્તાના લેવલનું આયોજન કરવાનું તેમજ પાણીના નિકાલની વ્યવસ્થા અરજદારે કરવાની હોય છે. તેટલું જ નહી આંતરીક પ્લોટનું લેવલ વધુ ઉચું હોય તો મુખ્ય રસ્તાના એપ્રોચ ઉપર અરજદારે સતાવાળા જણાવે તે પ્રમાણે જરૂરી નાળું અરજદારે બનાવવાનું છે.

૧૨. કંમ્પાઉન્ડ વોલના બાંધકામની પરવાનગી અલગ મેળવવાની છે.

૧૩. ખાનગી તકરાર અરજદારને શીરે રહેશે.

૧૪. બાંધકામ પુરૂં થયેથી ''કમ્પલીશન સર્ટી'' મેળવવું ફરજીયાત છે.

પ્લીન્થ લેવલથી પ્રોજેકશન કાઢી બાથરૂમ, જાજરૂ, રસોડું, સ્ટોર કે અન્ય કોઈ ઉપયોગ કરવા માટે કરેલું બાંધકામ બિન અધિકૃત અને નિયમ વિરૂદ્ધનું હોઈ તોડી નાખવામાં આવશે. તે જ પ્રમાણે પ્લીન્થ લેવલની બહાર ખુલ્લા દાદર નીચે સંડાસ યા બાથરૂમ પણ બિન અધિકૃત બાંધકામ ગણાતું હોઈ તોડી નાખવાને પાત્ર છે. આવું બિન અધિકૃત બાંધકામ કોઈ પણ સમય દુર કરવાનો હક્ક સત્તામંડળ અનામત રાખે છે.

ઉપરોક્ત શરતો ૨, ૩, ૪ પ્રમાણે અનુક્રમે તબક્કાવાર ચેક કરાવ્યા સિવાયનું બાંધકામ તેમજ આ નગર યોજના નં. ૩(પ્ર.કે.) વિરુદ્ધ અને મંજુર કરેલ અધિકૃત નકશા તથા આપેલ પરવાનગી વિરુદ્ધનું કરેલ બાંધકામ કોઈપણ જાતની અગાઉથી કારણદર્શક નોટીસ આપ્યા સિવાય નગરપાલિકા તરફથી કોઈપણ સમયે તાકીદે દુર કરવામાં આવશે અને તે અંગે નગરપાલિકાને થયેલ ખર્ચ અરજદાર પાસેથી હરકોઈ રીતે વસુલ કરવામાં આવશે અને મંજુરી માટે રજુ કરવામાં આવેલ નકશાઓ ઉપર અરજદારના નકશા બનાવનાર જે એન્જિનીયરે સહીં સિક્કા કર્યા હશે તે સંપુર્ણ પણે જવાબદાર છે.

સદર હું મુસદારૂપ સ્કીમ નં. ૩(પ્ર.કે.) માં જે વિકાસ પરવાનગી આપવામાં આવે છે તે ફાયનલ થયેથી નગર રચના અધિકારીશ્રી આ સુચિત અંતિમખંડ માટે જે નિર્ણય લે તે અરજદારને બંધનકર્તા છે. તેમંજ વચગાળાના સમયમાં નગર રચના અધિકારીશ્રીએ માર્જીન ખુલ્લી જગો. રસ્તા વિગેરે મંજુર રાખેલા છે. તે હંમેશા ખુલ્લા રાખવાની શરતે આ પરવાનગી આપવામાં આવે છે.

નગર નિયોજકશ્રી, નડીઆદનાં ક્રમાંક. ન.ર.યો.નં. ૩ (નડીઆદ) (પ્ર.કે.) (પ્ર.પુ.)/વિ.પ./૭૩૨ ; તા. ૦૫૦૪૨૦૨૨ માં જણાવેલ શરતોને આધીન બાંધકામ પરવાનગી આપવામાં આવે છે.

~~સર્વેયર~~
~~નડીઆદ વિસ્તાર~~
~~વિકાસ સત્તામંડળ~~
~~નડીઆદ~~

DUBhalala
પ્લાનીંગ આસીસ્ટન્ટ
નડીઆદ વિસ્તાર
વિકાસ સત્તામંડળ
નડીઆદ

~~નગર વિકાસ અધિકારી~~
~~નડીઆદ વિસ્તાર~~
~~વિકાસ સત્તામંડળ~~
~~નડીઆદ~~

મુખ્ય અધિકારી
નગર સેવા સદન :
નડીઆદ

16 APR 2022